સચિવાલયના વિભાગો તથા ખાતાના વડા સહિત તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકના ફોલ્ડર તથા ફાઈલના ઉપયોગને તબક્કાવાર ઘટાડવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક:GAD/MSM/e-file/1/2026/4875/Coordinarion

તારીખ: ઈ-સાઇન મુજબ

પ્રસ્તાવના :-

ગુજરાત સરકાર ટકાઉ અને પર્યાવરણલક્ષી કાર્યપ્રણાલી વિકસાવવા માટે કટિબદ્ધ છે. ભારત સરકારના 'પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬' તથા ' પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ ' અન્વયે સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ અને તેના વપરાશ ઘટાડવા ભાર મૂકવામાં આવ્યો છે. પ્લાસ્ટિક કુદરતી રીતે નાશ પામતું નથી (Non-biodegradable), જેના કારણે તે પર્યાવરણને લાંબા ગાળાનું નુકસાન પહોંચાડે છે. પ્લાસ્ટિકના પ્રદૂષણ સામે લડવા માટે, ટાળી શકાય તેવા પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો કરવો જરૂરી છે.

સરકારી કચેરીઓમાં દૈનિક કામગીરી દરમિયાન પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો મોટા પાયે ઉપયોગ થતો જોવા મળે છે. પર્યાવરણીય પડકારોને ધ્યાને લઈ, 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિક-આધારિત સ્ટેશનરીનો વપરાશ ઘટાડવાની અને પર્યાવરણને અનુકૂળ વિકલ્પો અપનાવવાની બાબત રાજ્ય સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પરિપત્ર :-

પુખ્ત વિચારણાના અંતે, રાજ્ય સરકાર દ્વારા સચિવાલયના વિભાગો,ખાતાના વડાની કચેરીઓ અને તેઓના તાબા હેઠળની કચેરીઓ, જાહેર સાહસો,મંડળો,નિગમો,કંપનીઓ,સ્વાયત્ત સંસ્થાઓ,સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ,સરકારી યુનિવર્સિટીઓ તથા ગ્રાન્ટ-ઈન-એઈડ તમામ સંસ્થાઓ સહિત રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકના ફોલ્ડર અને પ્લાસ્ટિક-આધારિત ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર ઘટાડવા નિર્ણય કરવામાં આવે છે.

આ નિર્ણયના સરળ અમલીકરણ માટે, સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, બોર્ડ અને કોર્પોરેશનો સહિત તમામ કચેરીઓમાં કાગળ-આધારિત (Paper), શણ (Jute), અથવા કાપડમાંથી (Cloth) બનેલા ફાઈલ કવરનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે. આવી સામગ્રી પર્યાવરણને અનુકૂળ અને ટકાઉ પણ હોય છે.

સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિક સ્ટેશનરીનો ઉપયોગ તબક્કાવાર ઘટાડવાનો રહેશે તેમજ કચેરીમા હાલમાં ઉપલબ્ધ સ્ટોક વપરાઈ જાય, તે પછીની નવી ખરીદી આ પર્યાવરણીય પહેલ મુજબ થાય તેની ખાતરી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જગદીશ ગોહિલ)

ઉપસચિવ

સામાન્ય વહીવટ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (*)
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી/સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ , સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓ (**ખાતાના વડા/તાબાની કચેરીઓમાં અમલ કરાવવા વિનંતી સહ**)

Signature Not Verified
Signed by : Gohil Jagdish Kumar
Under Secretary
General Administration Department
Date : 2026.08.22 09:06:28 IST

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર. (*)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.(*)
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.(*)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૦, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.

* પત્ર દ્વારા

Signature Not Verified
Signed by : Gohil Jagdish Kumar
Under Secretary
General Administration Department
Date : 2026.08.22 09:06:28 IST

File No: GAD/MSM/e-file/1/2026/4875/T (Coordinarion) - Section
Approved By: Additional Chief Secretary,GAD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign